સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૯ સંવત ૨૦૭૩ અષાઢ, ઓગષ્ટ– ૨૦૧૭ અંક – ૮













પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીનું પવિત્ર ચાતુર્માસ પ્રસંગે શુભ પ્રવેશ શોભાયાત્રા સેવક સમુદાયની મોટી સંખ્યામાં તા. ૦૮/૦૭/૨૦૧૭ શનિવારના રોજ ધુન બોલતા–ગરબા લેતા, આનંદવિભોર બનતા ધામધુમથી શ્રી માધવાનંદ આશ્રમ તાપી કિનારે પધાર્યા હતા.

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૯ / ઓગષ્ટ-૨૦૧૭/ અંક-૦૮

## અનુક્રમણિકા


૪ કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૮ ગુરુપૂર્ણિમા મહોત્સવ
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૧૩ વેદાંતની દ્રષ્ટિએ હનુમાન
પ.પૂ. બ્રહ્માનંદસાગરજી મહારાજ

૧૪ સત્સંગ સુધા
તંત્રી સ્થાનેથી

૧૬ તત્વબોધ
રેખાબેન આર. મયાણી

૧૯ ત્રણની ત્રિપુટી
લેખક : શિવ

૨૨ સત્સંગ સમાચાર
સંકલિત


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ॐ

## श्री शङ्करदेशिकाष्टकस्तोत्रम्

गुरुपुङ्गव पुङ्गवकेतन ते समतामयतां न हि कोऽपि सुधीः।
शरणागतवत्सल तत्त्वनिधे भव शङ्करदेशिक मे शरणम्॥७॥

હે ગુરુવર ! હે શ્રેષ્ઠોના સ્થાનભૂત ! કોઈપણ પંડિત આપની તુલ્યતાને પ્રાપ્ત થતા નથી; એ નિર્વિવાદ છે. હે શરણાગતના સ્નેહી! હે તત્ત્વના ભંડારરૂપ અર્થાત્ બ્રહ્મત્ત્વની મૂર્તિરૂપ ! હે સુખ કરવાવાળાં શંકરાચાર્ય ગુરો! આપ મારું શરણ (આશ્રય) થાઓ, અર્થાત્ તમારે શરણે રહેવાવાળો હું તમારો દાસ છું, માટે મારી વિશ્રાંતિના સ્થાનભૂત આપ થાઓ.૭

: માધવ પીઠાધીપતિ :
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

: મુદ્રણ સ્થાન :
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

: પ્રકાશક (Publisher) :
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

: સંપાદક (Editor) :
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

: મુદ્રક :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**

**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગતાંકથી ચાલુ)

'उक्त्वा श्रुत्वा च मेघावी ब्रह्मलोके महीयते'

'महीयते' એનો મતલબ 'पूजयते' એમ પણ થાય. પૂજાય છે. બ્રહ્મલોકમાં જઈને બ્રહ્મરૂપ થઈને પૂજાવાને યોગ્ય પણ થાય છે. મહિમાવાન થાય છે. મહાન બને છે. એને પછી અલ્પ પણું ટુંકાપણું રહેતું નથી. કે હું ગરીબ છું ને હું અજ્ઞાની છું હું હલકો છું ને હજી મને ભગવાન નથી મળ્યા. મને ક્યારે ભગવાન મળશે એ ભ્રાંતિ પછી રહેતી નથી. કેમ કે ચોવીસો કલાક એ બ્રહ્મરૂપમાં રહે છે. ઘણી બહેનો નહિતર પૂછેને કે-

**કાયા પડશેને હંસો ક્યાં જઈ સમાશે,**
**એની ભાળવણી અમને દેજો, સંદેશો મારા...**
**બ્રહ્મનું સ્વરૂપ મારી નજરોમાં ના'વે,**
**એની ભાળવણી અમને દેજો, સંદેશો મારા...**

તો જો આ ઉપનિષદ્ સાંભળો અથવા બોલો સમજીને બોલો કે સમજીને સાંભળો તો ચોવીસો કલાક તમારે કાંઈ જવું આવવું ન પડે. 'ब्रह्मलोके महीयते' કેમ કે આખું વિશ્વ જ શું થઈ જાય ? બોલો ? બ્રહ્મ રૂપ થઈ જાય.

**'આગે રામ પીછે રામ જીત દેખું તીત રામ હી રામ'**
**''લાલી મેરે લાલ કી, જીત દેખું તીત લાલ,**
**લાલી દેખન મેં ગઈ, તો મેં ભી હો ગઈ લાલ.''**

આખું વિશ્વ જ બ્રહ્મરૂપ એને થઈ જાય. એટલે બ્રહ્મલોકમાં હંમેશા રહે છે. પછી કાયા પડે ને જીવ ક્યાં જશે એ ભ્રાંતી રહેતી નથી. તો ક્યાં જાય ? બોલો ? ... બ્રહ્મમાં કેમ કે બ્રહ્મનું સ્વરૂપ ન દેખાય તો આખું વિશ્વ જ શું છે ? બોલો ? બ્રહ્મનું સ્વરૂપ. હવે, વિશ્વ દેખાય છે કે નથી દેખાતું ? ... વિશ્વ દેખાય એ બ્રહ્મનું જ સ્વરૂપ છે. બ્રહ્મ કોઈ કાળા, ધોળા, પીળા, સાંકડા કોઈ વ્યક્તિ નથી. જેટલા જગતમાં રૂપો છે એ બ્રહ્મના રૂપ છે.

**''અનેક રૂપ રૂપાય, વિષ્ણવે પ્રભ વિષ્ણવે.''**

તો રૂપ રહિત પણ એ છે રૂપમાં પણ એ છે બહાર પણ એ છે ને અંદર પણ એ છે.

इति कठोपनिषदि प्रथमोऽध्याय: समाप्त: ॥ १ ॥

## द्वितीय अध्याय

### प्रथमा वल्ली

અનેક જન્મો થઈ ગયા તોય આ જીવનો પાર ન આવ્યો.

**''ભમતાં ને ભમતાં રે, સદ્ગુરુ ભેટીયા રે,**
**તેણે ઉપજાવ્યું આતમતત્ત્વ સ્નેહ,**
**કંઈક જુગ વીત્યા રે, ભૂતળ ભટકતાં રે.''**

(સ્વામી પ્રિતમદાસજી)

જયારે આત્મામાં પ્રેમ થાય ત્યારે અંતર્મુખ વૃત્તિ બને 'आवृतचक्षुरमृतत्त्वमिच्छन्' પછી બતાવ્યું કે-

### अविवेकी और विवेकीका अन्तर

पराच: कामाननुयन्ति बाला
स्ते मृत्योर्यन्ति विततस्य पाशाम्।
अथ धीरा अमृतत्वं विदित्वा
ध्रुवमध्रुवेष्विह न पार्थयन्ते ॥ २-१-२ ॥

બાળ બુદ્ધિના જીવોને પરલોક સમજાતો નથી.

એટલે શરીરથી જુદો આત્મા છે એમ સમજાતું નથી. એ લોકો એમ જ સમજે છે ખાય પીને મજા કર્યા કરો. એવા જીવો વાર વાર જન્મે છે ને વાર વાર મરે છે. ને વાર વાર ગર્ભમાં ઊંધે માથે લટકયા કરે છે. કૂતરા-કાગડાના જન્મમાં ભટકયા કરે છે. અનંત દુઃખો ઉપાડે છે. અને 'अथ धीरा अमृतत्वं विदित्वा' જે લોકો ધીર પુરુષ હોય છે એ અમર આત્માને ઓળખીને મૃત્યુના મુખમાંથી છૂટીને અમર બની જાય છે. એટલે પ્રથમ તો ધીર વીર ગંભીર બનવું જોઈએ.

**''હમ સબ બને સત્ય વ્રતધારી,**
**શમ દમ શૌર્ય ધૈર્ય ગુણ કારી,**
**હોવે અર્જુન ભિષ્મ સમાન,**
**કરદો જીવન કા કલ્યાણ.''**

(બ્રહ્માનંદ)

તો માનવોએ સત્ય વ્રતધારી થવું જોઈએ. ધીર ધીર ગંભીર બનવું જોઈએ. શાન્ત, દાન્ત, ઉપરતિ તિતિક્ષુ કે મનને શાંત બનાવવું જોઈએ. ઈન્દ્રિયોને સંયમમાં રાખવી જોઈએ. આ સર્વત્ર સદ્‌ગુણો જેના જીવનમાં આવે છે એ પરમાત્માને ઓળખ્યા પછી ધ્રુવ પરમાત્માને જાણ્યા પછી બહાર અધ્રુવ પદાર્થોમાં મોહ કરતા નથી તો પરમાત્માને કેવી રીતે ઓળખવા તો એને ઓળખાણની રીત હવે બતાવે છે. ધ્યાનથી સાંભળો.

**''સાંભળ શુધ્ધ ચિત્તે કરી, પ્રભુના ગુણગાન,**
**પ્રીત સહિત નિત્ય નાથનું,ધરીએ રૂદિયામાં ધ્યાન,**
**સાંભળ.......''** (સ્વામી પ્રીતમદાસ)

### आत्मज्ञान की सर्वज्ञता

येन रूपं रसं गन्धं शब्दान्स्पर्शाम् श्च मैथुनान्।
एतेनैव विजानाति किमत्र परिशिष्यते। एतदैतत्॥३॥

॥ २-१-३ ॥

નચિકેતાએ બધા પ્રશ્નોની અંદર ફરી એક પ્રશ્ન પૂછેલો છે ધર્મથી અન્યત્ર, અધર્મથી અન્યત્ર, વ્યક્ત થી અન્યત્ર અવ્યક્તથી અન્યત્ર 'यत्रत्पश्यसि तद्वद' કે હે યમરાજા ! જે ધર્મ-અધર્મ બેય થી ઉપર હોય કર્મને અકર્મથી ઉપર હોય, પ્રગટ અને અપ્રગટ બંનેની અંદર જે વ્યાપી રહેલું પરમ તત્ત્વ હોય જે તમને સમજાતું હોય એ કૃપા કરીને બતાવો. તો એ જ પરબ્રહ્મ પરમાત્માને જાણવાથી અમર થઈ જવાય છે અખંડ સુખના ભાગીદાર થવાય છે પરમાત્માને જાણવાનો પ્રસંગ બતાવે છે કે આ રીતે એને સમજવું કે જે રૂપ નહિ, રસ નહિ, ગંધ નહિ, વિષયો નહિ ને વિષયોના સાધનોને બધાને જેના દ્વારા જણાય છે એ તારો આત્મા છે. રહ્યું યાદ ? બોલો ? 'येन रुपं रसं गन्धं' કે રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ અને એના જે સાધનો અને અનુભવ કરવાવાળી ઈન્દ્રિયો બધાનું જ્ઞાન જેના વડે થાય છે એ આત્મા છે. ધ્યાનથી યાદ રાખો જડ આત્મા નથી. બધાને જાણવાવાળો ચૈતન્ય આત્મા છે એટલે સર્વને-

एतेनैव विजानाति किमत्र परिशिष्यते। एतद्वै तत्॥

જે આ બધાને જાણે છે એ બધાનું શ્રેષ્ઠ તત્ત્વ છે. જે બધાનો ભોક્તા બધાનો આધાર અધિષ્ઠાન થાય છે એ બધાનો અનુભવેલો આત્મા છે.

### आत्मज्ञ की निःशोकता

स्वप्नान्तं जागरितान्तं चोभौ येनानुपश्यति।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति॥४॥

॥ २-१-४ ॥

સ્વપ્નનો અંત અને જાગ્રતનો અંત બેયનો વચલો ભાગ જે સર્વને જાગ્રતને જાણે સ્વપ્નનેય જાણે અને બેયની વચમાં પણ હાજર હોય એને સુષુપ્તિ પણ જાણી લેવી. સર્વને જાણવાવાળું જે તત્ત્વ છે એ આત્મા છે અને એ મહાન છે. વિભુ છે એવું મનન કરીને ધીર પુરુષો શોકને છોડી દે છે. તો ધ્યાનથી યાદ રાખજો, ઘણું મંથન કર્યા પછી સાર થોડોક જ નીકળવાનો હોય. તો આપણને સાર રૂપમાં બતાવી દીધું કે તમારો આત્મા સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિને બધાને જાણવા વાળો છે. આપણે પ્રાતઃસ્મરણ બોલીએને કે-

''यत्स्वप्नजागरसुषुप्तमवैति नित्यं
तद्‌ब्रह्म निष्कलमहं न च भूतसंघः।''

અને આરતી બોલીએ છીએને એમાં આવે છે.

**જાગ્રત સ્વપ્ન સુષુપતિ રે, મુને ભાસ્યો રે,**
**મુને ભાસ્યો છે તુરીયાતીત.**

**બ્રહ્મગુરુ દેવની આરતી.**

તો ત્રણે અવસ્થાને જાગ્રતને, સ્વપ્નને સુષુપ્તિને જાણે જે બધાની અંદર, ઉપર-નીચે ભરપૂર ભરી રહેલું જે તત્ત્વ એ આત્મ તત્ત્વ મહાન છે એ મહાન વિભુ વ્યાપક છે. એવું મનન કરીને ધીર પુરુષો

'न शोचति' ધીર પુરુષ કોઈ દિ' શોક કરતો નથી. તો શોક થાય છે જીવને શું ? કે હું ઘટી ગયો; હું ઓછો થઈ ગયો. હું પાતળો થઈ ગયો. હું મરી ગયો. એવો શોક અનેક પ્રકારનો... ખાસ કરીને, હું ઘટી ગયો ને હું મરી ગયો. એમ બે ભાગ આવે. બીમાર પડેને ત્યારે કહે કે હું ઓછો થઈ ગયો અને જયારે કોઈ મરી જાય ત્યારે કહે કે હું મરી ગયો. પણ જયારે એને આત્મ જ્ઞાન થાય કે આત્મા કોઈ દિ' ઘટતો નથી બળતો નથી ને મરતો પણ નથી. એ મહાન છે વ્યાપક છે. અમર આત્મા છે એ તત્ત્વ કોઈ દિ' ઘટે નહિ મરે નહિ બગડે નહિ એવું તત્ત્વ છે. એવું દ્રઢ કર્યા પછી 'धीरो न शोचति' ધીર પુરુષો શોક કરતા નથી. સર્વ પ્રકારની ચિંતાઓથી રહિત થઈ જાય છે.

## आत्मज्ञान की निर्भयता

य इ मं मध्वदं वेद आत्मानं जीवमन्तिकात् ।
ईशानं भूतभव्यस्य न ततो विजूगुप्सतने ।
एतद्वै तत् ॥ २-२-१ ॥

કે જે - કર્મના ફળનો ભોકતા છે જે જીવના પ્રાણને ધારણ કરવાવાળું જે તત્ત્વ છે જેના દ્વારા પ્રાણ ટકી રહેલા છે ચાલે છે અને જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળને જે જાણવાવાળું તત્ત્વ છે એ જ અમર આત્મા છે અને એ આત્મા હું છું એમ સમજ્યા પછી કોઈ દિ' એને પોતાની રક્ષા કરવાની જરૂર રહેતી નથી. 'न ततो विजूगुप्सते ।' ફરીન એને કાંઈ સાચવવાની ચિંતા રહેતી નથી. કેમ કે આત્મા અમર છે. અખંડ છે શાશ્વત છે. કોઈ દિ' મરતો નથી તૂટતો નથી.

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકઃ,**
**ન ચૈનં કલેદયન્ત્યાપો, ન શોષયતિ મારુતઃ**
**અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ,**
**નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ**
(ગીતા અ.૨- ૨૩, ૨૪)

શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં પણ ભગવાને કહ્યું, 'આત્મા અસ્ત્ર-શસ્ત્રથી કપાતો નથી અગ્નિ દ્વારા બળતો નથી. પાણી દ્વારા પલળતો નથી વાયુથી સૂકાતો નથી એ અચ્છેદ્ય છે અદાહ્ય છે અકલેદ્ય છે. કેમ કે નિત્ય છે. સર્વગત છે સ્થાણુ છે અચલ છે. સનાતન આત્મા પૂર્ણ સદા રહેવાવાળો આત્મા છે.' તો એ આત્મ તત્ત્વ જાણવાથી માનવ નિર્ભય બને છે. પછી એને આત્માને સાચવવાની ચિંતા રહેતી નથી કે મારું શું થશે ને મારી કોણ રક્ષા કરશે ને મારી શી ગતિ થશે કાંઈ ચિંતા કરવાની જરૂર રહેતી નથી. કેમ કે એ તો અખંડ ને અવિચળ શુધ્ધ આત્મા છે.

**''અખંડ અવિચળ આતમા, વ્યાપક સઘળે સમાન,**
**માયા તેને લાગે નહી, એવું સમજે જે જ્ઞાન,**
**શાન્તિ મળે તેને શાશ્વતી.''** (સ્વામીજી)

તો થાય છે શું ? જે રીતે સમજો કે અગ્નિ જે છે એના સબંધથી લોઢું બાળે છે. એમ લાગે તો કહે કે લોઢું બાળે છે પણ લોઢું બાળતું નથી. બાળવાનું કામ તો અગ્નિનું છે. એમ એક બીજાના દુઃખે એકબીજાની ભ્રાંતિ થવાથી જીવ અશાંતિમાં પડે છે. વધે છે શરીર ને ઘટે છે શરીર. જન્મે છે શરીર ને મરે છે શરીર પણ અજ્ઞાનતાને લઈને જીવ શરીર ને હું માનવા લાગ્યો. હું પટેલ છું હું રૂપાળો છું હું સ્ત્રી છું હું જુવાન છું હું ઘરડો થઈ ગયો છું હું બીમાર પડી ગયો છું એમ દીનભર શરીરને હું માન માન કરે છે. એટલા માટે એ ભ્રમણાં કાઢવા માટે આ ઉપનિષદોને દ્રઢ શ્રવણ કરવા કે હું જડ શરીર નથી પણ હું ચૈતન્ય આત્મા છું.

**''તું દેહ નહિ પણ દેહી, ચેતન છે જડની ન થેલી,**
**સત્ ચિત્ આનંદ મેળવવા,**
**તમે આવો સત્સંગ દ્વારે''**

**''દેહને તું કદી હું કરી જાણમાં,**
**આત્મા આનંદ ઘન ૐ હરિ ૐ.''**

**''દેહાત્મ બુદ્ધિજાં પાપં ન તદ્ કર્મ**
**ગૌવધ કર્મ કોટીભીઃ ।**
**આત્માહં બુદ્ધિજં પુણ્યં ન ભૂતં ન ભવિષ્યતિ ॥''**
(આત્મપુરાણ)

શરીરને હું માનવું એની જેવું બીજું કોઈ પાપ નહિ ને આત્માને હું માનવું એની જેવું બીજુ કોઈ પુણ્ય નહિ કેમ કે 'હું આત્મા છું' એમ માનવું એ સાચું છે. ને 'હું શરીર છું' એમ માનવું એ ખોટું છે. એટલે ખોટા જેવું કોઈ પાપ નહિ ને સાચા જેવું કોઈ પુણ્ય નહિ. સાચામાં જવા વાળાને કોઈ આંચ નહિ એટલે સાચા વાળાને બીક નહિ ભય નહિ ચિંતા નહિ અને ખોટું બોલે એને બધી ઉપાધિ એટલે ખોટું કરવા વાળાને દંડ ભોગવવો પડે અને સાચું કરવાવાળાને ઈનામ પ્રાપ્ત થાય છે. તો આત્મ ચિંતન કરતા કરતા **'હું અજર અમર અવિનાશી આત્મા છું'** એવો દ્રઢ અભ્યાસ

કરવો. પછી -

ब्रह्मज्ञका सार्वात्म्यदर्शन

यः पूर्व तपसो जातमदभ्यः पूर्वमजायत ।
गुहां प्रविश्य तिष्ठान्तं यो भूतेभिर्व्यपश्यत ।
एतद्वै तत् ॥ ६ ॥ ॥ २-१-६ ॥

''तपसा ब्रह्म विजिज्ञासतव्य ।
तपो ब्रह्मैति विजानियात् ।''
(तैतिरियोपनिषद्)

તપસ્યા દ્વારા એટલે પરબ્રહ્મ શુદ્ધ 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।' જેના દ્વારા પૂર્વ થયેલું જે હિરણ્યગર્ભ અને જે પૃથ્વી, જળ, તેજ, વાયુ ને
આકાશથી પણ જે પૂર્વ છે પેલા થયેલું છે એવું તત્ત્વ જે છે એ બુદ્ધિ રૂપી ગુહામાં રહેલું છે. અને એ જ તમારા બધાનો આત્મા છે. કેમ કે એ તત્ત્વ અનેકની અંદર સમાઈ રહેલું છે.

'अनेन आत्मनं अनुप्रविश्य नामरूपे व्याकरवाणि ।'

કે પરમાત્મા જ આત્મા રૂપે બધાની અંદર પ્રવેશ કરીને રહેલા છે.

'अेकसं भिद्यते भ्रांत्या मायया न स्वरुपतः'
एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
(શ્વેતાશ્વેતોપનિષદ)

સર્વ-ભૂતોની અંદર અંતરાત્મા રૂપે એક જ ચૈતન્ય સચ્ચિદાનંદ ઘન પરમાત્મા બિરાજમાન છે. એ બુદ્ધિની અંદર પ્રવેશ કરીને બધાની અંદર રહેલા છે. એવું સમજવાવાળા છે એ જ પરમાત્માને આત્માને સમજે છે. એટલા માટે કહે છે કે જે શબ્દથી સ્પર્શથી રૂપથી બધાથી જે રહિત છે. ધર્મ-અધર્મથી જે પરે છે એ તત્ત્વ આ રીતે બધાની અંદર પેલું છે અને બધાની અંદર પ્રવેશ કરેલું રહેલું હોય એવું તત્ત્વજ્ઞાન બિરાજમાન છે એ જ તારે જાણવા જેવું તત્ત્વ છે.

किं च-

या प्राणेन संभवत्यदितिर्देवतामयी ।
गुहां प्रविश्य तिष्ठन्तीं या भूतेभिर्व्यजायत ॥
एतद्वै तत् ॥ २-१-७ ॥

હિરણ્ય ગર્ભ દ્વારા થયેલું જે દેવતામયી અદિતિ બધાને (શબ્દાદિ વિષયોને) ભક્ષણ કરી લે છે એટલા માટે અદિતિ કહેવાય છે. એ દેવતામયી જે પ્રધાન બુદ્ધિરૂપી ગુહાની અંદર પ્રવેશ કરીને રહેલું જે મૂળ તત્ત્વ છે એ જ મૂળ જાણવાનું તત્ત્વ એ જ બ્રહ્મતત્ત્વ છે. એટલે સર્વમાં બ્રહ્મ દ્રષ્ટિ કરવી એ મુખ્ય એનો વિષય છે.

किं च-

अरण्योर्निहितो जातवेदा गर्भ इव सुभृतो गर्भिणीभीः।
दिवे दिव ईडयो जागृद्धिर्हविष्मन्दिर्मनुष्योभिरग्निः॥
एतद्वै ततः ॥ ॥ २-१-८ ॥

બંને અરણ્યોની અંદર રહેલું જે મૂળ તત્ત્વ વેદો દ્વારા ઉત્પન્ન થયેલી અગ્નિ જે ગર્ભિણી સ્ત્રી જેમ પોતાના ગર્ભને સાચવીને રાખે છે એમ સર્વની અંદર અંતરાત્મા રૂપે બધાની અંદર પ્રવેશી રહેલું ગૂઢ તત્ત્વ જે રહેલું છે અને જેને દિવસે દિવસે જેની ઋષિઓ-મુનિઓ સ્તુતિ કરે છે. ત્રણ વિશેષણો કહે છે 'जागृवद्भिर्हविष्मद्भि' 'जागृ' એટલે આળસ વગરના માણસો જે જાગેલા હોય એ લોકો પરમાત્માની સ્તુતિ કરે છે. 'हविष्म' એટલે કર્મ કરવાવાળા પણ ભગવાનની સ્તુતિ કરે છે. મનુષ્યો જે પરમાત્માની સ્તુતિ કરે છે એ જ મૂળ તત્ત્વ છે. કહેવાનો મતલબ જે ભજન કરે છે જે લોકો જેનું ધ્યાન કરે છે એ જ બધાનું મૂળ તત્ત્વ સર્વની અંદર બિરાજમાન રહેલું છે.

प्राणमें ब्रह्मद्रष्टि

यतश्योदेति सूर्योऽस्तं यत्र य गच्छति ।
तं देवाः सर्वे अर्पितास्तदु नात्येति कश्यन ।
एतद्वै तत् ॥ २-१-६ ॥

કે જે હિરણ્યગર્ભરૂપી પ્રાણથી આખો સૂર્ય ઉત્પન્ન થાય છે અને જેની અંદર સૂર્ય અસ્ત થઈ જાય છે. જે બધા દેવો જેમ કોઈ પૈંડાની અંદર બધા આરાઓ અંદર ગૂંથાયેલા હોય. ચારે તરફથી વીટાયેલા ગુંથાયેલા હોય. એમ જેની અંદર બધા દેવો સમાયેલા હોય એ જ તત્ત્વ છે એ જ બ્રહ્મતત્ત્વ છે.

भेदद्रष्टि की निन्दा

यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ।
मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ॥१०॥
॥ २-१-१० ॥

કે જે સર્વભૂતોમાં છે. એ પરમાત્માનું છે. ને જે પરમાત્માનું છે એ સર્વભૂતોમાં છે. કેમ કે કાર્યને કારણ પરસ્પર એકમેકમાં હોય છે. એટલે નરસિંહ મહેતાએ કહ્યું-

**(ક્રમશઃ)**

કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

## સુરત શહેરનાં આંગણે પરમપૂજ્ય શ્રી ૧૦૦૮ માધવ પીઠાધિશ્વર મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ તેમજ સંતોએ ગુરુપૂર્ણિમા મહોત્સવે આપેલ આશીર્વચન




### પ.પૂ.સ્વામીશ્રી દધિચી સાગર મહારાજ

**બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા જીવો બ્રહ્મૈવ ના પરઃ**

આપણા સંપ્રદાયના સેવકો ભાઈ બહેનોને સંતો પાસેથી પ્રવચન સાંભળી બધાને બરાબર સમજાય ગયું કે બ્રહ્મ સત્ય છે ને જીવ બ્રહ્મથી જુદો નથી એટલે કે જીવ અને બ્રહ્મ બંને એક જ છે તે સારી રીતે સમજાવવા માટે આપણી પરંપરામાં પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદ સદ્‌ગુરૂ પાસેથી તેમજ અત્યાર સુધીના સંતો પાસેથી તેમા ખાસ કરીને પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ પાસથી અવાર-નવાર આપણને સમજાવવામાં આવ્યું છે કે તુ સત-ચિત-આનંદ છો એટલે પ.પૂ. આદ્યજગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યએ જે કહ્યું છે કે બ્રહ્મ સત્ય છે ને જીવ બ્રહ્મથી જુદો નથી તે આપણે સમજી શકીએ છીએ પરંતુ જગત મિથ્યા તે આપણે બરાબર સમજી શક્યા નથી. સંતોનો ખૂબ પ્રયત્ન છતા આપણે સમજી શક્યા નથી. પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ શ્રી વેદાન્તાચાર્ય થયા પછી નવાસવા કંથારીયા મુકામે પધાર્યા ત્યારે મેં તેની સાથે ચર્ચા કરી ત્યારે તેઓએ મને સમજાવ્યું કે સચ્ચિદાનંદમાંથી સત્ય સમજાય તેવું છે અને ચેતન સમજાય તેવું છે. પરંતુ આનંદ સમજાય તેવોય નથી અને અનુભવાય તેવોય નથી એટલે આનંદ મેળવવા માટે આપણા એટલે બધા જીવો સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મામાંથી આનંદ લેવાને બદલે પાંચ ભૂતોમાંથી બનેલ પાંચ વિષયોનો આનંદ લે છે એટલે કે શબ્દ, સ્પર્શ, રૂપ, સર અને ગંધમાં જ તે વિષયોમાં બરાબર ના ફસાય

ગયા છે અને આપણું ચિત્તને એ સંસારના વિષયોમાં એવું ચોટી ગયું છે કે અત્યાર સુધી આપણી પરંપરાના સંતો આત્મમાંથી આનંદ લેવાનું અવાર-નવાર કહેવા છતા લેતા નથી તે તરફ નો પુરૂષાર્થ જ બીલકુલ નથી. આપણે બધાએ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી પાસેથી ચાતુર્માસ દરમ્યાન આ આનંદ લેવા માટે પુરૂષાર્થ કરવાનો છે અને તે આનંદ કેવી રીતે મળે તે સમજવાનું છે.

## પ.પૂ. સ્વામીશ્રી દેવાનંદ સાગરજી મહારાજ

સ્વામી મહામંડલેશ્વર અરપે આતમ જ્ઞાનને રે
સાથે કર્મ ઉપાસન ધર્મ તણાં સિદ્ધાંત... સ્વામી મહામંડલેશ્વર

**સાખી :** વર્ણાશ્રમ પાલન કરો, વેદ વિધી અનુસાર;
કર્મ કરો નિષ્કામથી અંતર શુદ્ધિકાર,
કરવા મન વાણીને શુદ્ધ સદા અભ્યાસથી રે;
ધારો શમ દમ સાધન કરવા નીજ કલ્યાણ... સ્વામી મહામંડલેશ્વર

**સાખી :** દેવ તણો આશ્રય કરો, શ્રદ્ધા ભક્તિ સાથ;
અભેદ માની આપનો, દેવ તણો સંગાથ,
જાણો જડ ચેતનમાં અંતર જામી એક છે રે;
એવા અભેદ ભાવે સેવો સરજન હાર... સ્વામી મહામંડલેશ્વર

**સાખી :** હાડ રૂધિર મળ માંસનો સ્થૂળ બન્યો આ દેહ;
જન્મ મરણને પામતો વારં વારં તેહ;
ત્યાગો દેહમતીને ચેતન જાણો આપને રે,
વ્યાપી સચરા ચરમાં શુદ્ધ સનાતન રૂપ... સ્વામી મહામંડલેશ્વર

**સાખી :** સૂક્ષ્મ કારણ દેહનું ત્યાગ કરો અભિમાન,
સાક્ષી ચેતન તેહના સત સુખ કેવળ જ્ઞાન;
મિથ્યા માયા ભાસે ચેતનના આધારથી રે,
રજ્જુ સાપ સરીખો સઘળો આ સંસાર... સ્વામી મહામંડલેશ્વર

**સાખી :** ધન્ય ધન્ય સદ્ગુરુ દેવને જેની વાણી વેદ,
દરશનથી દુવીધા મટે કાપે સંકટ ખેદ;
ગાવે સંન્યાસીનો ચેલો લાખો લહેરથી રે,
જાઉં ગુરુજીના ચરણમાં બલીહાર... સ્વામી મહામંડલેશ્વર

પ્રિય સજ્જનો,

પરબ્રહ્મ પરમાત્માની મહતી અનુકંપાથી આજે ગુરુપૂર્ણિમા નિમિત્તે આવણે એકત્રીત થયા છીએ તો આપણે ગુરુપૂજન કર્યુ. કોઈએ ક્રિયાત્મક કર્યું, કોઈએ ભાવાત્મક કર્યુ. આ ગુરુપૂજન શા માટે કરવામાં આવે છે? તો શાસ્ત્રકારો કહે છે કે પહેલા તો આજે તો ગુરુપૂર્ણિમા છે. નિત્ય પ્રતિદિન ગુરુનું પૂજન થતું હોય, પૂ. બ્રહ્મલીન સ્વામીજી મહારાજની તીથી વખતે પણ કરીએ છીએ. તો અંતઃકરણની શુદ્ધિને માટે કરવામાં આવે છે જ્યાં સુધી અતઃકરણની શુદ્ધિ ન થાય ત્યાં સુધી ગુરુનું જ્ઞાન અંદર ઊતરી શકતું નથી અને

**ગુરુ પદ પંકજ પૂજતા, ચૌદે લોક પૂજાય,**
**શિવ વિરંચીને શારદા, ગુરુના જશ ગાય.**
**............ સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**

ચૌદ લોકની અંદર જેટલા દેવતાઓ છે એ દેવતાઓનું પૂજન કરવાથી જે લાભ થાય એ ગુરુના ચરણનું પૂજન કરવાથી ઘર બેઠા એ લાભ થઈ શકે છે. શ્વેતાશ્વેતર ઉપનિષદનો મંત્ર છે.

**યસ્ય દેવે પરાભક્તિર્યથા દેવે તથા ગુરૌ;**
**તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ**

**'યસ્ય દેવે પરા ભક્તિ'** જેવી દેવતાઓની અંદર ભક્તિ છે એવી ભક્તિ ગુરુની અંદર હોય તેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે ચાર પ્રકારના પુરુષાર્થ સિધ્ય થઈ શકે છે. પોતાના હૃદયની અંદર અનાદિકાળથી જે અજ્ઞાનરૂપી અંધકાર છે એ અંધકારનો નાશ થઈ અને જીવનની અંદર પ્રકાશ પ્રાપ્ત થઈ શકે છે. જીવનની અંદર પ્રકાશ પ્રાપ્ત કરવો એ જ માનવ જીવનનું લક્ષ છે. ઉદ્દેશ છે અંદર જ્યારે પ્રકાશ થાય ત્યારે જેવું છે એવું દેખાય. પૂજન અંતઃકરણની શુદ્ધિ માટે છે. જેટલી જેવી જેની ભાવના એવું ફળ પ્રાપ્ત થઈ શકે છે. **'યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી'** ભાવના તો બધાને કરવી છે પણ બધાને થઈ શકતી નથી. એનું કારણ અંતઃકરણ શુદ્ધ નથી. જો અંતઃકરણ શુદ્ધ થાય તો ભાવના થઈ શકે જેમ સમજો કે વેદો કહે છે કે, **'માતૃદેવો ભવ', 'પિતૃદેવો ભવ', 'આચાર્ય દેવો ભવ', 'અતિથિ દેવો ભવ'** માતા દેવ છે, પિતા દેવ છે, આચાર્ય સદ્‌ગુરુ દેવે છે. અતિથી દેવ છે. તો આપણને કેટલી માતા-પિતા પ્રત્યે ભાવના છે. માતા-પિતાને રાજી કરો તો બધુ સુખ તમને મળેલું જ છે. આજે માતા-પિતાની સેવા કરવા કોઈ તૈયાર નથી. વિચાર કરો. જે માતા-પિતાએ આપણને મોટા કર્યા અને એની સેવા કરવા આપણે તૈયાર નથી. વેદો કહે છે કે મૂર્તિ એ પરમાત્માનું સ્વરૂપ છે. આપણે મારા-તમારાનું માની લઈએ છીએ પણ જે વેદો કહે છે તેનું માનવા તૈયાર નથી. વેદો કહે છે કે પરમાત્માનું સ્થિર સ્વરૂપ એ મૂર્તિ પ્રતિમા છે. જે હાલતું-ચાલતું સન્યાસીનું સ્વરૂપ છે. એ મારુ સ્વરૂપ છે. પરમાત્માના બે સ્વરૂપ છે. સ્થિર અને ચલાયમાન. માતા-પિતાને સંતોષ પમાડવો એ પરમાત્માનું પૂજન છે. આચાર્યને સંતોષ પમાડવો એ એનું પૂજન છે. પણ જ્યાં સુધી અંતઃકરણ શુદ્ધ નથી ત્યાં સુધી અંદર ઉતરતું નથી. અંતઃકરણ જો શુદ્ધ થાય તો ગુરુનું જ્ઞાન અંદર ઊતરી શકે અને જ્ઞાન જો દૃઢ થાય તો **'જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ'** હે અર્જુન જ્ઞાન પ્રાપ્ત થવાથી જીવને પરમ શાંતિ પ્રાપ્ત થઈ શકે. જો જ્ઞાન પ્રાપ્ત થાય તો જેવું છે એવું દેખાય.

ભગવાન શંકરાચાર્યજીએ ડિમ ડિમ ઘોષ બતાવ્યો છે જે કરોડો શાસ્ત્રોની અંદર કહ્યું છે એ ભગવાન શંકરાચાર્યજીએ અડધા શ્લોકની અંદર બતાવ્યું છે.

**श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थ कोटिभिः ।**
**ब्रह्म सत्यं जगत्मिथ्या जीवो ब्रह्मैव ना परः ॥**

'બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે અને જીવ અને બ્રહ્મ એક છે. આ બધા શાસ્ત્રોનો સાર છે. પણ આપણને એ સમજાતું નથી કેમ કે સત્ય છે એ સમજાય છે. ચેતન છે એ સમજાય છે પણ... જગત મિથ્યા છે એ સમજાતું નથી. ક્યારે સમજાય? જેમ આપણે સૂતા હોઈએ ને સ્વપ્નું આવે તો એ સ્વપ્નું સાચું લાગે કે ખોટું લાગે?... સાચું લાગે અને જાગીએ ત્યારે... તો ખોટું જેમ સ્વપ્નામાંથી જાગીએ ત્યારે સ્વપ્નું ખોટું લાગે મિથ્યા લાગે એમ આપણે જે અત્યારે (અજ્ઞાનમાં) સૂતા છીએ ને એમાંથી જાગી જઈએ તો નરસિંહ મહેતાના વચન અનુસાર કહીએ -

**'જાગીને જોવું તો જગત દીસે નહીં,**
**ઊંઘમાં અટપટા ભોગ ભાસે.'**
**'આંખ મારી ઊઘડે ત્યાં સચ્ચિદાનંદ દેખું**
**ધન્ય મારું જીવન કૃપા અને લેખું.'**

'જગત મિથ્યા છે.' એ ક્યારે થઈ શકે? માંડુક્ય ઉપનિષદ પર ભગવાન શંકરાચાર્યે ભાષ્ય બતાવ્યું છે. ભગવાન શંકરાચાર્યના ગુરુ છે ગોવિંદ પાદાચાર્ય અને એના ગુરુ છે ગૌડ પાદાચાર્ય આ ગૌડ પાદાચાર્યે માંડુક્ય ઉપનિષદની અંદર કારિકા લખી છે એ કારિકા તમે બુદ્ધિની અંદર સમજી લ્યો અને જ્યાં લગાડવી હોય ત્યાં તમે લગાડી શકો.

**आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा ।**
**वितथैः सदृशाः शान्तोऽवितथा इव लक्षिता ॥**

(माण्डुककारिका)

જે આદિમાં ન હોય, અંતમાં ન હોય તે વર્તમાનમાં પણ નથી એમ સમજી લેવાનું. મિથ્યા છે છતાં પણ જીવને સાચું લાગે છે હવે. સિદ્ધાંત એ છે કે જગત ત્રણ કાળમાં થયુ નથી. આ સજાતવાદ છે પહેલા તો નક્કી કરો આપણે ચાર દૃષ્ટાંત દ્વારા સમજીએ.

પહેલું તો સ્વપ્ન સાચું કે ખોટું? જ્યારે જાગ્રત અવસ્થામાં બેઠા છો ત્યારે સ્વપ્નના રાજા નથી. સૂઈ જાવ એટલે સ્વપ્નના રાજા થઈ જાવ અને સવારે જાગી જાવ તો? રાજા ન હોય તો સ્વપ્નના રાજા પેલા હતા નહિ ને પછી રહેતા નથી. જ્યારે સસ્વપ્નમાં દેખાય છે તો એ સાચું નથી.

હવે બીજું દૃષ્ટાંત, જાંજવાનું જળ. સૂર્ય ઉદય થાય ત્યારે દેખાય નહિ, હોય નહિ. અને સૂર્ય અસ્ત થાય પછી રહે?.. તો ક્યારે દેખાય? બપોરના સમયમાં દેખાય તો શું સમજવાનું? દેખાય છતાં પિવાની ઈચ્છા થાય છે? કેમ? એ તમારી બુદ્ધિમાં દૃઢ થઈ ગયું છે કે એ દેખાય છે પરંતુ એવું બુદ્ધિમાં દૃઢ થવું જોઈએ કે જગત મિથ્ય છે તો જગતનું સુખ લેવાની ઈચ્છા ક્યારેય ન થાય.

હવે ત્રીજું શરીર પણ શાસ્ત્રકારો કહે છે કે મિથ્યા છે. સો વરસ પહેલા કોઈનું શરીર હતું? અને આમાં બેઠા એમાં સો વરસ પછી કોઈનું શરીર રહેવાનું? તો પહેલા કોઈનું શરીર હતુ નહિ ને પછી રહેવાનું નથી. ખાલી વર્તમાન કાળમાં એ તમને દેખાય છે.

એજ રીતે જગત વેદો કહે છે -

**'સદૈવ સૌમ્યઈદમગ્ર આસીત એકમેવા-**
**દ્વિતીયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન.'**

સૃષ્ટિની પેલા જગત હતું નહિ એક જ સત્ હતું

અત્યારે દેખાય છે અને સૃષ્ટિનો લય થાશે ત્યારે જગત રહેવાનું નથી. સૃષ્ટિની ઉત્પત્તિ થઈ એ રીતે સૃષ્ટિનો લય થવાનો છે. વેદો કહે છે. કઈ રીતે થઈ.

**तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः। आकाशाद्वायुः। वायोरग्निः। अग्नेरापः। अद्भ्यः पृथिवी। पृथिव्या ओषधयः। ओषधीभ्योऽन्नम्। अन्नात्पुरुषः। स वा एष पुरुषोऽन्नरसमयः। तस्येदमेव शिरः। अयं दक्षिणः पक्षः। अयमुत्तरः पक्षः। अयमात्मा। इदं पुच्छं प्रतिष्ठा। तदप्येष श्लोको भवति॥१॥** (તૈત્રીયોપનિષદ્)

જે જગત પહેલા હતું નહિ છેલ્લે રહેવાનું નથી માત્ર વર્તમાનકાળમાં તે દેખાય છે. તો જગત મિથ્યા છે. સ્વપ્નું મિથ્યા છે. જાંજવાનું જળ મિથ્યા છે. શરીર મિથ્યા છે.

આપણને જાંજવાનું જળ મિથ્યા લાગે છે પણ બીજુ બધુ સાચું લાગે છે. કારણ કે, બુદ્ધિની અંદર જાંજવાનું જળ એ દૃઢ થઈ ગયું છે. એવું જો એ દૃઢ બુદ્ધિની અંદર થઈ શકે કે જગત મિથ્યા છે તો એમાં સુખની ભ્રાંતિ બુદ્ધિમાં ન રહે. હવે એ દૃઢ ક્યારે થાય? જો અંતઃકરણ શુદ્ધ બને તો એ દૃઢ થાય તો

**'વાળી ગાંઠ ન છૂટે, લીધો નીયમ ન તૂટે**
**સંસાર છોને શિર કૂટે, સત્સંગ કીજીએ રે**
**સજની ટાણું આવ્યું રે, ભવજળ તરવાનું રે**
**મોંઘો મનુષ્ય જન્મારો, ફરી ફરી નહિ મળવાનો**
**ડાહ્યા દિલમાં વિચારો, સત્સંગ કીજ એ રે.'**

એ ગાંઠ વાળો બુદ્ધિની અંદર. એની માટે આ ગુરુપૂર્ણિમા નિમિત્તે અંતઃકરણ શુદ્ધ થાય તો ગુરુનું જ્ઞાન ઉતરી જાય તો જેવું છે એવું દેખાય. તમે રસ્તામાં જતાં હોય અને સર્પને પડેલો જોવો તો તેના પર પગ મૂકીને ચાલો?.. તરીને ચલો. ખેતરમાં ડાભડો પડ્યો હોય તો અથવા તો કૂવો હોય તો... તરીને ચાલો. તો ડાભડા પર પગ કોણ મૂકે? જે સર્પને જાણતો નથી. જેને દેખાતું નથી એ પગ મૂકે એ કૂવામાં પડે. જાણતા હોય એ પડે? જ્યાં સુધી આપણે જાણતા નથી ત્યાં સુધી જગતની અંદર સત્યત્વ ભાસે છે જે દિવસે એ ગુરુ કૃપા દ્વારા જાણી ગયા તો પછી નરસિંહ મહેતાની જેમ.

**'જાગીને જોઉં તો જગત દીસે નહિ,**
**ઊંઘમાં અટપટા ભોગ ભા'સે'**

જ્યાં સુધી સમજણ ન આવે ત્યાં સુધી સુખ મળ્યું નથી ને મળી શકે પણ નહી. ઘણાં કહે છે કે અમે સુખી છીએ પણ એ બંગલા, ગાડી, વાડીનું નહિ એ બધું તો આજે છે ને કાલે નષ્ટ થવા વાળું છે. કેમ કે -

**'ચાર દિવસની ચાંદની, ફિર અંધેરી રાત.'**

જે મનુષ્ય જીવનની અંદર સુખ પ્રાપ્ત કરવાનું છે, અનુભવવાનું જે એ તો પોતાના નિજનું સુખ છે. એ લેવાને માટે આપણે નિત્ય પ્રતદિન પ્રાર્થના બોલીએ છીએ.

**'અરપજો નિજાનંદને વિભો'** 'હે વિભુ, હે પરમાત્મા! અમને નિજનો આનંદ આપજો.'

પોતાનો નિજનો આનંદ લઈ જીવનને સફળતાને માટે પુરુષાર્થ કરવો પરમાત્મા ગુરુપૂર્ણિમાને નિમિત્તે ચાતુર્માસમાં એક કલાક મારે સત્સંગ કરવો છે. મારે શાસ્ત્રની વાત સાંભળવી છે, મારા જીવનમાં ઊતારવી છે. આનંદની પ્રાપ્તી કરવી છે.

તો પરમાત્મા સૌને ગુરુપૂર્ણિમા નિમિત્તે પોતાના આત્માની ઓળખાણ કરાવે. જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત કરે એવી પરમાત્માના ચરણોમાં પ્રાર્થના કરીએ....

સર્વેત્રઃ સુખિનઃ સન્તુ....

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**મહાવીર વિક્રમ બજરંગી,**
**કુમતી નિવાર સુમતી કે સંગી**

આપણા મન ઉપર એક એવું મન કારણ છે જે ૐ ''केनेषितं पतति प्रेषितं मन:
केन प्राण: प्रथम: प्रैति युक्त।'' (કેનોપનિષદ)

केन = કોના દ્વારા इषितम् = સત્તાવાન થઈ ઈચ્છા કરે છે અને प्रेषितम = કોના દ્વારા પ્રેરિત થાય છે. સંચાલિત થાય છે. मन: = આ મન, पतति = વિષય, વાસના, કામના સુધી પહોંચે છે. केन = કોના દ્વારા, युक्त = પ્રયુક્ત, નિયુક્ત પ્રેરિત થઈને प्रथम: = બધાની પહેલા प्राण: = પ્રાણ प्रैति = ચાલે છે? ત્યારે કેનોપનિષદ્‌માં ગુરૂ શિષ્યને જવાબ આપે છે.

''श्रोत्रस्य श्रोत्रं मनसो मनो
यद् वाचो ह वाचं स उ प्राणस्य प्राण: ।''

શ્રોત્રનો શ્રોત્ર મનનો મન વાણીનો વાણી અને પ્રાણનો પ્રાણ તેનો તે જ પ્રેરિત કરે છે જેને આપણે

**કંચન વરણ વિરાજ સુવેસા,**
**કાનન કુંડળ કુંચિત કેશા**

દેદીપ્યમાન દિવ્ય વરણથી શુશોભિત સુંદર વેશ જેનો છે. કાનમાં કુડળ તથા કેશથી રોમ રોમથી પુલકિત તથા શોભી રહ્યા છે.

**હાથ વજ અરૂ ધ્વજા વિરાજૈ,**
**કાંધે મૂંજ જનેઉ સાજૈ**

જેમનાં હાથે વજ ગદા શોભે છે. કંધે મુંજની જનોઈ શોભે છે. હાથે હથિયાર એ એક કામ કરવાનું સાધન છે તેમ ''शरीरमाद्यम् खलु धर्म साधनम्'' વજ સમાન મજબૂત સાધન આ શરીરથી ગદાની જે કર્મ કરવા માટે ટૂટી પડવું અને શાસ્ત્ર વિહિત કર્મ કરવા તે માટેનું પ્રતીકરૂપે જનોઈ શીખા, કર્મકાંડના નિયમ પ્રમાણે હોવી જરૂરી છે. તેથી મુંજની જનોઈ એટલે કે ''**सहजं कर्म कौन्तेय शदोषमपि न त्यजेत्**'' સહજ કર્મનો ત્યાગ ન કરવો.

**સંકર સુવન કેસરી નંદન,**
**તેજ પ્રતાપ મહા જગ વંદન**

ભગવાન શિવ આશુતોષ જે અજન્માં તત્ત્વ છે તેમના અગિયારમાં રૂદ્ર તરીકેનો રૂદ્રાવતાર કહેવાય છે. આનો અર્થ એ કે સૃષ્ટિ પહેલા માત્ર સત શીવ કલ્યાણ આનંદરૂપ એક જ તત્વ હતું જેનાથી આ જગતની શરૂઆત થઈ છે તે સર્વપ્રથમ પાંચ જ્ઞાનેન્દ્રિય પાંચ કર્મેન્દ્રિય તથા અગિયારમું મન એ સમષ્ટિ માયા ઈશ્વર દ્વારા ઉત્પન્ન થઈ જે મનમાં મન સ્ત્રોતનો સ્ત્રોત તથા વાણીનો વાણી તરીકે તેનો તેજ પ્રભાવ મહાન પ્રભાવ આ જગતમાં વંદનને યોગ્ય છે. વંદન કરવા લાયક છે. જેનાથી સમગ્ર વિશ્વ ચાલે છે.

**વિદ્યાવાન ગુની અતિ ચાતુર,**
**રામકાજ કરિબે કો આતુર**

જ્ઞાનવાન, ગુણ, સત્વ, રજ, તમથી ચપળતાપૂર્વક રામ એટલે આત્મારામ અંતરાત્માના આદેશ મુજબ કામ કરવામાં જે આત્મ કલ્યાણના કાર્યમાં આતુર છે. તેવા હનુમાનજીની સ્તુતિ કરવામાં આવી છે.

**પ્રભુ ચરિત્ર સુનિવે કો રસિયા,**
**રામ લખન સીતા મન વસીયાં**

(ક્રમશઃ)

જગતમાં ચાર પ્રકારના જીવો છે. (૧) આર્ત (દુઃખી) (૨) જિજ્ઞાસુ (૩) અર્થાથી (કામની ઈચ્છાવાળા) (૪) જ્ઞાની. આ ચાર પ્રકારના જીવો પોતપોતાની પ્રવૃત્તિ અનુસાર અધિકાર પ્રમાણે પ્રભુને ભજે છે. જેને સંસારમાં કોઈ સહારો નથી હોતો તેવા પ્રભુને ભજનારા આર્ત કહેવાય છે. જિજ્ઞાસુનો વાસ્તવિક અર્થ તો એ કે જે જ્ઞાનપ્રાપ્તિનો ઈચ્છાવાળો હોય જેને તત્વજ્ઞાનની અભિલાષા હોય અને ભગવાનનાં તાત્વિક અથવા સર્વશ્રેષ્ઠ સ્વરૂપને જાણવા ઈચ્છતો હોય તેવાં જીવો જિજ્ઞાસુ કહેવાય છે. જેને આલોક અને પરલોકનાં પદાર્થ અને ભોગોની ઈચ્છા હોય તેવા જીવો અર્થાથી અર્થાત્ કામની ઈચ્છાવાળો હોય છે. પરન્તુ જેને ભગવાન પાસે કશી જ ઈચ્છા ન હોય અને સર્વત્ર સર્વભૂતોમાં પરમાત્માનાં દર્શન કરે છે એવો જીવો જ્ઞાની છે તેને અનિત્ય પદાર્થોમાં આસક્તિ રહેતી નથી તેની દૃષ્ટિ પ્રભુમય થઈ જવાથી તેની કામના વાસના મટી જાય છે. કોઈપણ ફળની ઈચ્છા વગર નિરંતર પ્રભુ પ્રીત્યર્થે લોકકલ્યાણાર્થે કર્મ કરે છે પણ કર્મનાં બંધનમાં બંધાતો નથી. જ્ઞાનીને ભેદ્દૃષ્ટિ રહેતી નથી કારણ કે તે સમજે છે કે સર્વત્ર પ્રભુ બિરાજમાન છે તેથી ભગવાન અને જગતનાં કોઈપણ પદાર્થમાં ભેદ રહેતો નથી તેથી તેને ભગવાન દૂર છે એવી ભ્રાંતિ રહેતી નથી અને સંપૂર્ણ કામના રહિત નિત્ય યુક્ત રહે છે. તેથી ભગવાન કહે છે જ્ઞાની પુરૂષો અને મારામાં કોઈ ભેદ નથી જલ અને તરંગ જેમ એક જ છે તેમ જ્ઞાની પુરૂષ અને પ્રભુ અભિન્ન છે. તેથી સર્વમાં નિત્ય પ્રભુમાં એકીભાવથી સ્થિર થયેલો અનન્ય ભક્તિવાળો જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ છે કારણ કે તે ભગવાનને તત્વથી જાણવાવાળો હોવાથી ભગવાનને પ્રિય છે ભગવાન કહે છે કે આવી સ્થિતિ અનેક જન્મોનાં અભ્યાસથી પ્રાપ્ત થાય છે.

**બહુનાં જન્મનાન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।**
**વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મ સુદૂર્લભઃ ॥**

ઘણાં જન્મોને અંતે જ્ઞાની પુરૂષ **''સર્વ વિષ્ણુ મયં જગત''** સર્વ પ્રભુમય છે એવું જાણે છે આવા મહાત્મા બહુ દુર્લભ છે જેવી રીતે ઘડો માટીથી ભિન્ન નથી એવી રીતે જ્ઞાનીને પ્રભુથી અલગ કાંઈ દેખાતુ નથી. જેમ ઘડો નાશ થતાં ઘટાકાશ મહાકાશથી ભિન્ન નથી રહેતું તેમ શરીરનો નાશ થતાં જીવાત્મા બ્રહ્મથી અલગ ન રહેતા તેમાં જ સમાય જાય છે. ''વાસુદેવ : સર્વમ્'' કહેવાનો અર્થ એ છે કે અહીં જડ કશું નથી સર્વ ચેતન સ્વરૂપ બ્રહ્મસ્વરૂપ છે જેવી રીતે માટીનું જ્ઞાન થવાથી તેમાંથી બનેલા વાસણોમાં પણ માટી જ છે એવું જ્ઞાન થાય એમ જ્ઞાની બ્રહ્મથી અલગ નહી પણ અભિન્ન છે જ્યારે કામનાઓમાં આસક્ત થયેલાં પુરૂષો કે જેની વિવેક દૃષ્ટિ નાશ પામી છે તેવા સકામ પુરૂષ તે નિયમોને ધારણ કરી દેવતાઓની પુજા કરે છે દેવતાઓની ઉપાસના કરવાથી ઈન્દ્રાદિક દેવતાઓ તેમની કામના પૂરી કરે છે તે દેવતાઓ દ્વારા પ્રભુએ જ નિર્માણ કરેલા ઈચ્છિત ભોગો પામે છે પરંતુ તેવા સકામ કર્મથી ઉત્પન્ન થયેલા ફળ નાશવંત હોવાથી દુઃખી થાય છે ભગવાન કહે છે જેને જેમાં આસ્થા વિશ્વાસ હોય તે તેમને મળે છે. જ્યારે મને ભજનારા અંતમાં મને જ

પ્રાપ્ત થાય છે. આમ હોવા છતાં બધા ભગવાનને ભજતા નથી એનું કારણ છે કે બુદ્ધિહીન પુરૂષ સર્વોત્તમ અને નિર્વિકાર પરમાત્માનાં સ્વરૂપને નહીં જાણતા અપ્રગટ અવિનાશી પ્રભુને વ્યક્તિરૂપે માને છે. પ્રભુ પોતાની યોગમાયાથી ઢંકાયેલા હોવાથી દરેકને પ્રત્યક્ષ થતાં નથી તેથી મૂઢ અજ્ઞાની જીવો પ્રભુ અજન્મા અવિનાશી ને તત્વથી જાણતાં નથી. સંસારની માયિક વસ્તુઓમાં આસક્ત હોવાથી પ્રભુનાં દર્શન થતાં નથી પરંતુ જેના પર ભગવાનની ગુરૂ કૃપા હોય તેને માટે પ્રભુ પ્રત્યક્ષ છે જેને પ્રભુને જાણવાની જિજ્ઞાસા હોય તેવાં જિજ્ઞાસુ જીવો પ્રથમ ગુરુ પાસે જઈ જ્ઞાન ગ્રહણ કરે અને ગુરૂની કૃપાથી તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને જ્ઞાન પ્રાપ્ત થવાથી તેની બુદ્ધિ નિશ્ચલ થવાથી પ્રભુનો અનુભવ કરે છે.

ભગવાન કહે છે હું ભૂત ભવિષ્ય અને વર્તમાનને જાણું છું પરંતુ મને કોઈ નથી જાણતું. એનો અર્થ એ છે કે જે જણાય તે સર્વ દશ્યમાત્ર છે જો આત્માને હું જોઉં છું કે જાણું છું માનો તો તે પણ દશ્ય થઈ જાવ અને તે જોવાવાળો જીવ દષ્ટા થઈ જાય તેનાથી સિદ્ધ થાય છે કે આત્મા જ્ઞાન થાય એવી કોઈ ચીજ નથી તેતો અનુભવથી ઓળખાય છે. ભગવાન કહે છે જેને પોતે શરીર, મન, પ્રાણ, ઈન્દ્રિયો છું એવું દેહાભિમાન છે એવાં અજ્ઞાની જીવો મને જાણી શકતાં નથી સૃષ્ટિનાં આરંભમાંથી ઈચ્છા અને દ્વેષથી થવાવાળા દ્વન્દ્વ અને મોહથી સંપૂર્ણ પ્રાણી ફસાયેલા હોવાથી તે પ્રભુને જાણી સકતા નથી પરંતુ જે પુણ્ય શાળી જીવોનાં પાપ પૂરા થઈ ગયા છે એવા એવા જ્ઞાની પુરૂષો દ્વન્દ્વ અને મોહથી છુટી દઢ મનોબળવાળા થઈ પરમાત્માનું ભજન કરે છે. જગતની વાસનાઓ જ પાપ છે અને નિષ્કામ કર્મ તે પુણ્ય છે જેનાં પાપો પુણ્યકર્મો દ્વારા પૂરા થયાં છે તેવા જ્ઞાની પુરૂષોનાં દ્વન્દ્વ અને મોહ જ્ઞાન પ્રાપ્ત કરવાથી નાશ પામે છે. ભગવાન કહે છે - જેને જન્મ-મરણનાં દુઃખોમાંથી છૂટવું છે તેવાં જીવો મારો આશ્રય લઈ પ્રયત્ન કરે છે તે સર્વ દુઃખોથી છૂટી જાય છે જે મારામાં ચિત્ત રાખી નિરંતર મારામાં જ મનને સ્થિર કરે છે તે અંતકાળે મને જ પામે છે.

જે મનુષ્યને ઉચ્ચ જીવનનો અનુભવ થવા લાગે છે તેને ખ્યાલ આવતો જાય છે કે - ''મારા અંતરમાં સર્વોત્તમ ધન ભરેલું છે.'' આવી અનુભતિ થતાં બાહ્ય સુખોનું મહત્વ ઓછું થતું ચાલે છે તે સમજવા લાગે છે કે તેની પોતાની અંદર અખૂટ ભંડાર ભરેલો છે પછી બાહ્ય સુખો કે જે નાશવંત છે. એમાં મન નહીં રહે. પ્રભુ સર્વને અમુલ્ય આનન્દાનુભવ કરાવી પરમપદની પ્રાપ્તિ કરાવે એજ પ્રાર્થના...

પરમ પૂજ્ય સદ્‌ગુરુ ભગવાનના ચરણોમાં કોટિ કોટિ નમન....

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ નવાનાવડા, તા. બોટાદ સ્વ. કલ્યાણભાઈ મોહનભાઈ કળથીયા સંવત ૨૦૭૩ અષાઢ સુદ નોમ તા. ૨-૭-'૧૭ ને રવિવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ ભાવનગર, હાલ સુરત સ્વ. હરિભાઈ જીવરાજભાઈ ધામેલિયા (ઉંર વર્ષ ૮૧) સંવત ૨૦૭૩ અષાઢ વદ દશમ તા. ૧૯-૭-'૧૭ ને બુધવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય પરમ આદરણીય સ્વામીજી શ્રી હરિહરાનંદસાગરજી મહારાજશ્રીના ભાવનગર આશ્રમ મૂકામે તત્ત્વબોધ વિષય સત્સંગ કથા પ્રવચન સાર.

ભગવત શંકરાચાર્યએ તત્ત્વબોધની રચના મુમુક્ષુના હિત માટે કરી છે. મંગલાચરણમાં આગળ બતાવ્યું છે કે ''મુમુક્ષુણાં હિતાર્થાય તત્ત્વબોધભિધિયતે'' અહીં મનુષ્યને બદલે ભગવાન શંકરાચાર્યએ મુમુક્ષુણાં શબ્દનો ઉપયોગ કર્યો છે. કારણ કે મનુષ્ય તો સંસારમાં બહુ છે મનુષ્યની વસ્તી ઘણી છે બધાને પોતાનું કલ્યાણ કરવું નથી. બધાને ભોગ જોઈએ છે. મોક્ષ તો કોઈકને જ જોઈતો છે. તો આ તત્ત્વબોધ જેને મોક્ષ જોઈતો હોય તેના માટે છે. ભગવાન શ્રીકૃષ્ણએ સવા પાંચ હજાર વર્ષ પૂર્વે કહ્યુ કે મોક્ષ માટે હજારોમાંથી કોઈક જ પ્રયત્ન કરે છે સર્વાધિક મનુષ્યો મોક્ષ માટે નહિ પણ ભોગ માટે પ્રયત્ન કરે છે એટલે તત્ત્વબોધ મુમુક્ષુ માટે કહ્યો છે. મનુષ્યોમાં મુમુક્ષુ દુર્લભ છે. ત્રણ વસ્તુ દેવતાની અનુકંપાથી પ્રાપ્ત થાય છે. દેવતા કોઈ આકાશ પાતાળમાંથી અનુગ્રહ કરવા આવશે એવું નથી હોતું પણ દેવતા એટલે આપણી ઈન્દ્રિયો કાર્ય-કારણ સંઘાત છે. આપણી ઈન્દ્રિયો મોક્ષ માટે વળે પોતાની અંદર મુમુક્ષુત્વ આવે મહાપુરુષના દૃઢ સંકલ્પથી થાય છે. મનુષ્યત્વ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થની જરૂર છે. મનુષ્ય તો છીએ જ પણ મનુષ્યત્વ દુર્લભ છે. ઈન્દ્રિયો અનુકૂળ હોય તે જરૂરી છે ત્યારે મનુષ્યપણુ આવે છે અને મહાપુરુષના સમાગમ કરવાની ઈચ્છા થાય છે એટલે આ રીતે આપણે જ આપણા ઉપર અનુગ્રહ કરવાનો છે. કોઈ દેવતા અનુગ્રહ કરવા નથી આવતા.

મુમુક્ષુ એટલે ચાર સાધન, વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષત્વ સંપન્ન હોય તેને મુમુક્ષુ કહેવાય છે. મુમુક્ષુને જ આ તત્ત્વબોધ થાય છે.

આગળ સમજાવ્યું નિત્ય, અનિત્યની સમજણ થાય તેને વિવેક કહેવાય. હવે પ્રશ્ન થાય છે કે નિત્ય અને અનિત્ય વસ્તુ કોને કહવાય? તો નિત્ય વસ્તુ માત્ર બ્રહ્મ એક જ છે. नित्यं वस्तु एकं ब्रह्म । બાકી બધું અનિત્ય છે. આવા નિશ્ચય સુધી પહોંચવું આને જ નિત્ય-અનિત્ય વસ્તુનો વિવેક કહેવાય. ભગવાન સાચા છે અને સંસાર ખોટો છે આ દૃઢ નિશ્ચય કરવો.

બ્રહ્મ કોને કહેવામાં આવે? અહીં કોઈ ભગવાનનું નામ કેમ ન લેવામાં આવ્યુ ? કારણ કે એક જ બ્રહ્મ છે. બ્રહ્મ નિત્ય છે. જેનાથી **આ સંસારનો વિસ્તાર થાય તેને બ્રહ્મ કહેવામાં આવે છે.** તો સમજો આપણા શરીરમાં વિસ્તાર (વિકાસ) જેના દ્વારા થાય છે. તે બ્રહ્મ છે. બ્રહ્મની હયાતી છે માટે જ શરીરનો વિકાસ થાય છે.

**''આવ્યો હતો ત્યારે હતો નાનકડો,**
**કોણે બનાવ્યો તને આવડો મોટો ફાકડો.''**

એના તે ગુણ તમે ગાઓ રે ભવફેરો સુધારવા કહે છે. જન્મ્યો હતો ત્યારે નાનો ૨-૩ કિલોનો હતો. ધીરે-ધીરે અન્નપાણી લેવાથી મોટો થતો ગયો ૨૦, ૩૦, ...૫૦...૭૦ કિલોનો વજન શરીરનો થયો. તો આ કેવી રીતે થયું? આ વજન શેનાથી વધે છે? શું હોય તો વધે? અને શું હોય ન ઘટે ? તો **એ તત્ત્વને બ્રહ્મતત્ત્વ એટલે કે બ્રહ્મ કહેવામાં આવે છે.** તો સમજીએ કેવી રીતે ?

જ્યારે રાત્રે વધેલો ખોરાક ફ્રિજમાં મૂકીએ તો સવાર સુધી એટલો ને એટલો જ રહે છે. પણ આપણા પેટમાં જેટલો ખોરાક નાંખ્યો હતો તેનું સવારે શું થયુ? શું તે સવારે એવો ને એટલો જ પાછો મળે? ના. વળી સવારે ઉઠીને ફરી પાછો બીજો ખોરાક ખાઈએ છીએ. એ પણ ખાલી થઈ જાય છે. પાચન થઈ જાય છે. તો આ બધું પરિવર્તન કોણે કર્યું ? પણ આપણને આશ્ચર્ય નથી થતું કે આ ખાધેલો ખોરાકને પચાવનાર કોણ છે? એનો વિચાર જ નથી કરતા. એના સામે આપણુ

ધ્યાન જ નથી જતું. જ્યાં સુધી જીવો ત્યાં સુધી વિચાર કરો. અત્યાર સુધી કેટલુ ખાધું ને કેટલુ પીધુ. તેનો વજન કરો. બધુ ક્યાં જાય છે? શું શરીરને આપણે વિકાસ કરીએ છીએ? તો **જેને લઈને આ પાચન થાય છે, શરીર વિકસે છે તેને બ્રહ્મ કહેવાય છે.**

શ્રીકૃષ્ણ ભગવાને કહ્યુ છે કે પ્રાણીઓના દેહનો આશ્રય કરીને જઠરાગ્નિ રૂપે હું રહું છું. **પ્રાણ-અપાન કરીને ચાર પ્રકારનું ભોજન પચાવું છું.** ભોજનના ચાર પ્રકાર પાડ્યા છે. (૧) ભક્ષ્ય : જેને કાચે કાચુ ખાઈ શકાય તેનું ભક્ષણ કરી શકાય. ચણા, મમરા વગેરે. (૨) ભોજ્ય : ચોખા, રોટી, દાળ વગેરે ભોજ્ય કહેવામાં આવે છે. (૩) લેહીય : જે તે ચાટીને ખવાય તેને લેહિય કહેવામાં આવે છે. ગોળ, આચાર વગેરે (૪) ચોષ્ય : જેને ચૂસીને ખાવામાં આવે તેને ચોષ્ય કહેવામાં આવે છે. શેરડી, કેરી વગેરે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે આ ચાર પ્રકારનું ભોજન હું પચાવું છું. ભોજન કરી લીધા પછી આપણે એવું નથી કહેતા કે મેં ભોજન કરી લીધુ હવે મારે પચાવવાનું કામ બાકી છે. પચાવવાની જવાબદારી તો ભગવાને લીધી છે. **તો જેને લીધે પાચન થાય છે તેને બ્રહ્મ કહેવામાં આવે છે.** અને જો એ શરીરમાંથી નીકળી જાય તો આપણું શરીર મડદુ થઈ જાય. પછી મદડામાં ગમે તેટલું નાંખો તેને ઘી મા બોળો, ખવડાવો તો પણ મડદાને કોઈ અસર થાય નહિં. કારણ કે તેને પચાવનારું **બ્રહ્મતત્ત્વ** શરીરમાંથી નીકળી ગયુ છે તો સાબિત થાય છે કે એ બ્રહ્મતત્ત્વ એ જ બ્રહ્મ આપણા શરીરમાં રહેલ છે, એટલે એના લીધે જ આપણે હયાત છીએ તો આપણે જ બ્રહ્મ કહેવાય. બોલો આપણે શું છીએ? હું બ્રહ્મ છું. આપણે બ્રહ્મ છીએ. આપણે બ્રહ્મમાંથી બનેલા છીએ. બ્રહ્મમાંથી બનેલું બધુ જ બ્રહ્મ છે. એ બ્રહ્મભાવ દઢ કરવા રોજ બોલો વિચારો દઢ કરો. ''અહં બ્રહ્માસ્મિ'' ''અયમાત્મા બ્રહ્મ'' આવો બ્રહ્મભાવ દઢ થાય તે જ સાચો વિવેક છે. હું આત્મા છું. હું બ્રહ્મ છું. આમ શરીરભાવ દૂર થતા હું શરીર નથી અને શરીર મારું નથી એવો વિવેક દઢ થાય છે. શરીર ભાવ દૂર થતાં બ્રહ્મભાવ દઢ થતાં જીવ બ્રહ્મ તરફ વળે છે અને મોક્ષનો અધિકારી થવા વિવેક સંપન્ન થયો કહેવાય.

ત્રણેય કાળમાં સર્વત્ર અને સર્વદા રહે તેને નિત્ય કહેવામાં આવે છે. બ્રહ્મ નિત્ય છે. આત્મા નિત્ય છે. શરીર અનિત્ય છે. સર્વદા એટલે વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્ય ત્રણેય કાળમાં રહે તે સર્વદા કહેવાય. સર્વત્ર : ત્રણેય અવસ્થા જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં રહે તે સર્વત્ર કહેવાય.

હવે જ્યાં કાળનો કોઈ ભેદ નથી, અને પરિસ્થિતીનો ભેદ નથી તેને **નિત્ય કહેવાય** કહે છે બ્રહ્મ નિત્ય છે. અને એક જ છે. જો બે હોય તો સર્વત્ર અને સર્વદા ના રહે. જે ભેદ પાડે છે તે મૂર્ખ છે. અમારા ભગવાન અને તમારા ભગવાન કરે છે. જ્યાં શાસ્ત્રોનું પ્રમાણ ન હોય ત્યાં આવુ થાય છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે હું એક જ છું ગમે તે સ્વરૂપે જુઓ. એક જ છું.

''સમોહં સર્વભૂતેષુ'' કૃષ્ણ ભગવાને કહ્યું સર્વભૂતોમાં સરખો રહેલો છું.

પરમાત્માં એક જ છે અને બધા ભૂતોમાં વિદ્યમાન છે. સર્વત્ર અને સર્વદા રહે એટલે આપણી બધા જ ની અંદર છે. આપણી અંદર આગળ પાછળ, ઉપર નીચે સર્વત્ર છે એટલે નિત્ય છે અને નિત્ય છે એટલે એક છે. ઉપનિષદમાં જેવું પરમાત્માનું સ્વરૂપ છે તેવું વર્ણન છે એટલે ઉપનિષદ એ પરમ પ્રમાણ છે. જ્યારે સંપ્રદાયમાં આગ્રહ હોય છે. એટલે તે અપ્રમાણીત છે. સંગઠનના અનુયાયીને પ્રમાણના વિચારની ખબર નથી. પરમાત્માનાં સ્વરૂપને બતાવવાવાળા ઉપનિષદના ત્રણ વાક્ય પ્રસિધ્ધ છે.
(૧) એકમેવાદ્વિતિર્યં બ્રહ્મ (૨) સત્યં જ્ઞાનં અનન્તં બ્રહ્મ (૩) વિજ્ઞાનમાનંદં બ્રહ્મ

એક જ અદ્વિતિય બ્રહ્મ છે. બ્રહ્મને એક અને અદ્વિતિય કહેવામાં આવે છે. કોઈ ભેદ જોવામાં આવે તો ભેદ ત્રણ પ્રકારના છે. (૧) સજાતીય ભેદ (૨) વિજાતીય ભેદ (૩) વિગતીય ભેદ અથવા સ્વગત

ભેદ. સજાતીય એટલે સમાન જાતિ ભેદ હોય તેને સમાનભેદ કહેવાય છે. બે આંબા છે. વૃક્ષ અનેક છે પણ જાતી એક છે. કેસર જાતી છે. તો પરસ્પર ભેદ બે આંબા વચ્ચે જે છે તેને સજાતીય ભેદ કહેવામાં આવે છે. પત્થર અને વૃક્ષમાં ભેદ છે. તે વિજાતીય ભેદ છે. જાતિ અલગ છે. સ્વગત ભેદ : એક જ વૃક્ષ હોય અને વૃક્ષની અંદર શાખાઓ છે. એ જુદી જુદી હોય. થડ એક જ છે. શાખાઓ જુદી-જુદી છે તો શાખાઓને લઈને જે ભેદ છે તેને સ્વગત ભેદ કહે છે.

પરમાત્મામાં કોઈ ભેદ નથી. તમાં કોઈ સજાતીય, વિજાતીય કે સ્વગત ભેદ નહીં કારણ પરમાત્મા જેવું બીજું કોઈ પરમાત્મા નથી. જ્યાં બીજી વસ્તુની સાબિતી ત્યાં ભેદ આવે પણ અહીં તો.

**''અખિલ બ્રહ્માંડમાં એક તું આત્મા**
**જૂજવે રૂપે અનંત ભાસે**
**પવન તું, પાણી તું, ભૂમી તું ભૂધરા**
**પુષ્પ થઈ ફુલી રહ્યો તું આકાશે.''**

એટલે પરમાત્માથી ભિન્ન જે છે તે બધું જ અનિત્ય છે. ત્રણેય પ્રકારના ભેદ ન હોવાના કારણે પરમાત્માને એક અને અદ્વિતિય કહેવામાં આવે છે. એટલે વિવેકનું સ્વરૂપ બતાવ્યુ એક પરમાત્મા જ નિત્ય છે અને જે હંમેશા રહેવાવાળું નથી તે અનિત્ય છે તે મિથ્યા પદાર્થ જે દેખાય પણ સાબિત ન કરી શકાય. તેને મિથ્યા કહેવાય.

એક મહાન આચાર્ય ચિત્સુકાચાર્યએ મિથ્યાનું લક્ષણ બતાવ્યુ કે જે પદાર્થ જે જગ્યાએ દેખાય જે અધિષ્ઠાન આદિતરલમાં દેખાય છે એ જ જગ્યાએ ત્રણકાળમાં નિષેધ સાબિત થઈ જાય તો એ મિથ્યા કહેવામાં આવે છે. સંસાર એવો જ છે પણ બ્રહ્મજ્ઞાન થયા પછી સંસારનો ત્રણેય કાળમાં નિષેધ થઈ જાય છે. એટલે સંસાર મિથ્યા છે.

સમુદ્રકિનારે છીપલા પડેલ હોય, એ છીપલા ઉપર સૂર્યપ્રકાશ પડે છે તો એ છીપલું જ્યારે આપણી નજર તેના પર પડે છે તો તેના પર નજર પડતા છીપલું ૯૦° ના ખૂણે પડ્યુ હોય અને સૂર્યના કિરણ તેના પર પડતા તે ચાંદી દેખાય છે. પણ આ ભ્રાંતિ છે. આવું દેખાય છે પણ ચાંદી છે નહિ; **તે મિથ્યા છે એવો વિવેક દઢ કરવો.**

હિરણ્યાક્ષ એટલે જેની આંખમાં સોનું વસે તેને હિરણ્યાક્ષ કહેવામાં આવે છે. જેને સંસાર સાચો દેખાય તો આપણે હિરણ્યાક્ષ કહેવાઈએય હિરણ્યાક્ષ અસુર હતો તેણે ભગવાનના કાર્યમાં બાધા ઉભી કરી અને તેથી ભગવાને તેનો વધ કરી નાંખ્યો.

હવે આગળ છીપલાંની વાત કરી તે પેલું ચાંદી લેવા જતાં છીપલું હાથમાં આવે અને ખબર પડે કે આ તો ચાંદી નથી. આમ છીપલામાં (અધિષ્ઠાનમાં) ચાંદી દેખાતી હતી. છીપલીનું જ્ઞાન થતાં (અધિષ્ઠાનનું જ્ઞાન થતાં) જાણવા મળે ચાંદી હતી જ નહિ અને છે નહિં અને ચાંદી થશે નહિ. એમ આ સંસાર છે.

સંસાર છે અનિત્ય પણ નિત્ય દેખાય છે. સાચો નથી છતાં સાચો દેખાય છે. સંસારના અધિષ્ઠાન પરમાત્મા છે એનું જ્ઞાન થતાં ત્રૈકાલીક જ્ઞાન થતા સંસાર મિથ્યા છે તેમ જણાય. ત્રણેયકાળમાં (મૈકાલીક) આદિ અને અંત ન હતો. જે મધ્યમાં દેખાય છે તે મિથ્યા છે. હતું નહિ અને રહેવાનું નથી તે જ્ઞાન થાય. તે વિવેક થાય તો તે હાલ છે દેખાય છે તે મિથ્યા છે એવો વિવેક દઢ કરવો. આ સંસાર છે. એ પરમાત્માના એક પાદમાં છે. શ્રીકૃષ્ણે કહ્યું સંસાર મારા એક અંશમાં છે. આખું બ્રહ્માંડ મુખમાં બતાવ્યું છે. એક માત્ર પરમાત્મા સાચા છે. બીજું બધું વ્યર્થ છે. એવું સત્સંગથી સમજાય. સત્સંગથી જ દઢ થાય, માયામાં મન લગાડતા પરમાત્મામાં મન લગાડવું જોઈએ. મોટા માંધાતા રાજા પણ બધુ છોડીને જતા રહ્યા. જેના દ્વારા મૃત્યુથી છૂટી શકાય એ નિત્ય વસ્તુ એક માત્ર પરમાત્મા છે. એવું દઢ કરવું જોઈએ. આ વિવેકમાંથી જ વૈરાગ્ય ઉત્પન્ન થાય. જ્યારે વિવેકથી વૈરાગ્ય થાય તો પરમાત્મા તરફ મન લાગે છે. આલોક અને પરલોકનાં જે ભોગો છે તેને ભોગવવાની ઈચ્છા રહિત થવાય ત્યારે વૈરાગ્યનો ઉદય થાય. ત્યારબાદ શમ, દમ આદિ ષટ્સંપત્તિ આપણા જીવનમાં આવે છે. (ક્રમશઃ)

# ત્રણની ત્રિપુટી

લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

(૧) ત્રણ વાતથી સર્વદા સુરક્ષિત રહો-(૧) આત્મસ્તુતિ (પોતાની પ્રશંસા) (૨) પરનિંદા (પારકાની નિંદા) અને (૩) પરદોષ દર્શન (પારકાના દોષ શોધવા).
(૨) ત્રણ વાત સાવચેતીપુર્વક કરો - (૧) ઈશ્વરનુ સ્મરણ (૨) અતિથિનુ સન્માન અને (૩) સ્વદોષદર્શન (પોતાના દોષ જોવા.)
(૩) ત્રણ વાતનો દરરોજ વિચાર કરો- (૧) પ્રભુપ્રેમની પ્રાપ્તિનો પંથ કયો ? (૨) દીન-દુખીઓના દુઃખ કેવી રીતે દૂર કરી શકાય ? અને (૩) પાપરૂપી પિશાચને હૃદયમાંથી કેવી રીતે બહાર કાઢવો ?
(૪) ત્રણ વાત અમલમા મુકો- (૧) સત્ય (૨) અહિંસા અને (૩) ભગવાનના નામનો જપ.
(૫) ત્રણ વાતથી હંમેશા દૂર રહો- (૧)પારકાની પંચાત (૨) વાણીનો વ્ર્યથ વિલાસ અને (૩) નેતાગીરી.
(૬) ત્રણ પર સદા દયાવૃત્તિ દાખવો- (૧) અબળા (૨) પાગલ અને (૩) પથભ્રષ્ટ પથિક-માર્ગભુલ્યો માનવી.
(૭) ત્રણ તરફ નિષ્ઠુર બનો-(૧) પોતાના પાપ (૨) અંગની આળસ અને (૩) ઉચ્ચશૃંખલતા (મનમાન્યું આચરણ).
(૮) ત્રણ ઉપર કડક કાબુ રાખશો-(૧) મન (૨) જનેન્દ્રિય(૩) જીભ.
(૯) ત્રણનો અંકુશ સહર્ષ સ્વીકારો-(૧) ભગવાન (૨) ધર્મ અને (૩) વિશુદ્ધ કુલાચાર.
(૧૦) ત્રણના બંધન તોડી નાખો-(૧) અહંકાર (૨) મમતા અને (૩) આસકિત.
(૧૧) ત્રણ બાબતમાં સદા સત્ય બોલો- (૧) લક્ષ્મી (૨) કૌપીન (લંગોટ) અને (૩) લુલી (રસના)
(૧૨) ત્રણ પર મમતા રાખો-(૧)ઈશ્વર (૨)સદાચાર (૩)ગરીબી.
(૧૩) ત્રણનો ભય ન ભૂલશો- (૧) અભિમાન (૨) દંભ (૩) પ્રલોભન.
(૧૪) ત્રણ આગળ નમ્ર બનો- (૧) ગુરૂ (૨) માતા (૩) પિતા.
(૧૫) ત્રણ સાથે પ્રેમ બાંધો- (૧) પ્રભુ (૨) સ્વધર્મ (૩) વિનય.
(૧૬) ત્રણને હૃદયમાં ધારણ કરો-(૧)દયા (૨) ક્ષમા (૩) વિનય.
(૧૭) ત્રણનુ સર્વદા સેવન કરો- (૧) સંત (૨) સત્શાસ્ત્ર (૩) પવિત્ર ભુમિ.
(૧૮) ત્રણ વાતો ખાસ પાળો-(૧) પરસ્ત્રીસેવનનો ત્યાગ (૨) પરધનનો પરીત્યાગ અને (૩) નિરાધારોની સેવા.
(૧૯) ત્રણને હૃદયમાંથી રૂખસદ આપો-(૧) રાગ (૨) દ્વેષ (૩) મત્સર.
(૨૦) ત્રણને ઉપવાસ જરૂર કરો-(૧) એકાદશી (૨) પુર્ણિમા અને (૩) અમાવાસ્યા.
(૨૧) ત્રણ વાતમાં શંકાને સ્થાન ન આપો-(૧) શાસ્ત્રવચન (૨) ગુરૂવચન અને (૩) વિશુદ્ધ અંતરનો અવાજ.
(૨૨) ત્રણનુ ભરણપોષણ કરો-(૧) જનક-જનની (૨) સ્ત્રી-પુત્ર અને (૩) દીન-દુઃખી.
(૨૩) ત્રણથી સદા અલગ રહો-(૧) વ્યભિચારી (૨) જુગારી અને (૩) અસત્યવાદી (ગપ્પીદાસ).
(૨૪) ત્રણ પ્રકારના માનવથી દૂર રહો-(૧) અનીશ્વરવાદી (૨) માતાપિતાનો દ્રોહી અને (૩) સાધુ-સંતની નિંદા કરનાર.
(૨૫) ત્રણ સ્થિતી પર ખાસ ધ્યાન આપો-(૧) વિધવા સ્ત્રી (૨) અનાથ બાળક અને (૩) પરાવલંબી, પરાધીન અને પરાશ્રિત પ્રાણી
(૨૬) ત્રણની જરૂરીયાત પર વિશેષ ધ્યાન આપો-(૧) મુંગુ પ્રાણી (૨) સંસારત્યાગી સંન્યાસી અને (૩) અયાચક અતિથિ.

(૨૭) ત્રણની બિલકુલ પરવા ન કરો-(૧) ધર્મપાલન માટે મુશ્કેલીઓની (૨) પરદુઃખ-નિવારણ માટે પૈસાની અને (૩) દર્દીની સેવા માટે સ્વ-શરીરની.

(૨૮) ત્રણ વ્યકિતને ન અટકાવો-(૧) રેલ્વેના ડબ્બામાં બેસવાની ઈચ્છા ધરાવનાર વ્યકિતને (૨) બીજાની સેવા કરનારને અને (૩) દાન આપનારને.

(૨૯) ત્રણ કામ ઝડપથી કરો-(૧) ભગવાનનુ ભજન (૨) દાન અને (૩) શાસ્ત્રોનો અભ્યાસ.

(૩૦) ત્રણ કામમા વિલંબ કરો-(૧) દાવો (સ્યુટ) (૨) તકરાર અને (૩) પરદોષનિર્ણય.

(૩૧) ત્રણ આવેશ વખતે ખામોશ રહો-(૧) ક્રોધ (૨) કામવાસના અને (૩) લોભ.

(૩૨) ત્રણનુ યથાયોગ્ય સન્માન કરો-(૧) વૃદ્ધ (૨) બ્રાહ્મણ (૩) નિર્ધન.

(૩૩) ત્રણનો હૃદયથી સત્કાર કરો-(૧) પ્રભુ-મૂર્તિ (૨) સંત મહાત્મા (૩) સત્શાસ્ત્ર.

(૩૪) ત્રણ સમક્ષ વિનમ્ર બનો-(૧) ગુરુજન (૨) વિદ્વાન (૩) સત્સંગ.

(૩૫) ત્રણ કાર્યો ખૂબ પ્રેમપુર્વક કરો-(૧) ભજન (૨) ધ્યાન (૩) સત્સંગ.

(૩૬) ત્રણ આસુંઓને પવિત્ર માનો-(૧) પ્રેમાશ્રુ (૨) કરુણાશ્રુ (૩) સહાનુભુતિ.

(૩૭) ત્રણ આસુંઓને અપવિત્ર માનો-(૧) શોકાશ્રુ (૨) ક્રોધાશ્રુ (૩) દંભાશ્રુ.

(૩૮) ત્રણ કદી ન બનશો-(૧) મહંત (૨) દીક્ષા દાન દેનાર ગુરુ (૩) માલિક.

(૩૯) ત્રણ બનવામાં આનંદ માનો-(૧) અજ્ઞાત સેવક (૨) વ્યર્થ નિંદાપાત્ર અને (૩) પરમ સુખનુ સાધન.

(૪૦) ત્રણ જાતના દુરાગ્રહથી દૂર રહો-(૧) સંપ્રદાય (૨) વેશ અને (૩) સ્વ-મત.

(૪૧) ત્રણ વાતનો સર્વથા આગ્રહ રાખો-(૧) સત્ય (૨) ધર્મ (૩) ચારીત્ર્ય.

(૪૨) ત્રણ કાર્યો સાથે યથાશકય ઓછો સંપર્ક રાખો-(૧) સભાસમિતિ (૨) પત્રકારીત્વ અને (૩) સૈન્ય જમાવટ.

(૪૩) ત્રણ ન બનાવો-(૧) શિષ્ય (૨) જમાત (૩) મઠ.

(૪૪) ત્રણ બંધાવો-(૧) ધર્મશાળા (૨) કુવા અને (૩) દેવમંદીર.

(૪૫) ત્રણ વસ્તુઓ કરો-(૧) વૃક્ષનુ આરોપણ કરો (૨) પરબ મંડાવો (૩) અન્નક્ષેત્ર ખોલો.

(૪૬) ત્રણનો તિરસ્કાર કરો-(૧) પાપ (૨) અભિમાન (૩) મનોમાલિન્ય (મનનો મેલ).

(૪૭) ત્રણ સ્થળે ન જાઓ-(૧)વેશ્યાલય (૨) જુગારખાનુ (૩) દારૂપીઠુ.

(૪૮) ત્રણ સ્થળે નિયમિત  જાઓ-(૧) દેવમંદીર (૨) સંતકુટીર (૩) આજીવિકાનુ સ્થળ.

(૪૯) ત્રણની હાંસી ન કરો-(૧) અપંગ (૨) વિધવા અને અનાથ વૃદ્ધો (૩) દીન-દુઃખી પ્રાણી.

(૫૦) ત્રણને પ્રતિદીન પ્રણામ કરો-(૧) ઈશ્વર (૨) માત-પિતા-પતિ ઈત્યાદી વડીલો અને (૩) સંત-મહાત્મા.

(૫૧) ત્રણનો દીનચર્યામા સમાવેશ કરો-(૧) સ્વાધ્યાય (૨) ધ્યાન (૩) માનસીક દુર્ગુણોની ચોકી.

(૫૨) ત્રણ વાત શારીરીક સુખાકારી માટે રોજ કરો-(૧) વિશુદ્ધ વાયુમાં ભ્રમણ (૨) નિયમિત આહારવિહાર અને (૩) કુપથ્ય ત્યાગ.

(૫૩) ત્રણ સાધનોથી જ્ઞાન પ્રાપ્ત થાય છે-(૧) શ્રદ્ધા (૨) તત્પરતા-આતુરતા અને (૩) ઈન્દ્રિયસંયમ.

(૫૪) ત્રણ નરક-દ્વારોથી છેટા રહો-(૧) કામ (૨) ક્રોધ (૩) લોભ.

(૫૫) ત્રણ આવશ્યક સાધન કરો-(૧) સમતા (૨) સંયમ (૩) સાર્વજનિક કલ્યાણકારી પ્રવૃત્તિ.

(૫૬) ત્રણને ગરૂપદવી ન આપશો-(૧) સ્ત્રી સેવી (૨) લોભી (૩) દંભી.

(૫૭) ત્રણનુ ચિંતન ન કરવુ-(૧) સ્ત્રી (૨) ધન અને (૩) નાસ્તિક.

(૫૮) ત્રણનુ નિરંતર ધ્યાન કરો-(૧) ભગવાન (૨) સંતવાણી (૩) ત્યાગ-વૈરાગ્ય.

(૫૯) ત્રણ મુખ્ય સાધનો આરંભો-(૧) વૈરાગ્ય (૨) અભ્યાસ (૩) ઈશ્વરકૃપા પર વિશ્વાસ.
(૬૦) ત્રણ મહાશકિતઓનુ શરણુ સ્વીકારો-(૧) ઈશ્વરશરણાગતિ (૨) પ્રભુકૃપા અને (૩) આત્મશકિત.
(૬૧) ત્રણ પર અણનમ વિશ્વાસ રાખો-(૧) દયાસાગર પ્રભુની દયા (૨) આત્માની શકિત અને (૩) સત્ય-શુદ્ધ આચરણ.
(૬૨) ત્રણ પર વિશ્વાસ ન રાખો-(૧) કુટનીતિ (૨) દુરાચાર (૩) અસત્ય.
(૬૩) ત્રણને ભુલી જાઓ-(૧) તમે કોઈના પર કરેલા ઉપકાર (૨) કોઈએ તમારા પર કરેલો અપકાર (૩) ધન-માન-સાધન વગેરે દ્વારા થયેલી પોતાની ઉન્નત સ્થિતિ.
(૬૪) ત્રણને ન ભુલો-(૧) તમે કરેલી બુરાઈ (૨) બીજાએ કરેલો ઉપકાર (૩) ધન-માન-સાધન વગેરે પદાર્થો વિનાશી અને અનિત્ય છે.
(૬૫) ત્રણ ન બનો-(૧) કૃતઘ્ની (૨) ઢોંગી (૩) નાસ્તિક.
(૬૬) ત્રણ બનો-(૧) નમ્ર (૨) સરળ અને (૩) ઈશ્વર પર આસ્થાવાળા.
(૬૭) ત્રણનો આશ્રય લો-(૧) ઈશ્વર (૨) આત્મા (૩) નિરાભિમાની પુરૂષાર્થ.
(૬૮) ત્રણ વાત ન જોશો-(૧) પોતાના સદ્‌ગુણો (૨) પારકાના દુર્ગુણો અને (૩) રતિક્રીડા.
(૬૯) ત્રણને સાવધાનીપૂર્વક તપાસો-(૧) પોતાના ગુણ (૨) બીજાના દુર્ગુણ અને (૩) મહાત્માઓનુ ત્યાગપુર્ણ આદર્શ આચરણ.
(૭૦) ત્રણ પ્રકારના વચન બોલો-(૧) સત્ય (૨) હિતકારી (૩) મધુર.
(૭૧) ત્રણ પ્રકારના વચન ન બોલો-(૧) અસત્ય (૨) અનિષ્ટકારી અને (૩) કડવા વેણ.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ પીપળીયા, તા. શિહોર સ્વ. હરેશભાઈ રામજીભાઈ વઘાસિયા (ઉંમર વર્ષ ૪૧) સંવત ૨૦૭૩ અષાઢ વદ છઠ તા. ૧૫-૭-'૧૭ ને શનિવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**


ગામ પીપળીયા, તા. શિહોર સ્વ. માવજીભાઈ કલ્યાણભાઈ ગાબાણી (ઉંમર વર્ષ ૯૬) સંવત ૨૦૭૩ અષાઢ વદ તેરસ તા. ૨૧-૭-'૧૭ ને શુક્રવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## પ.પૂ. સ્વામીશ્રી દધિચી સાગરનો કાર્યક્રમ

**પ.પૂ. સ્વામીશ્રી દધિચી સાગર મહારાજ ચાતુર્માસ દરમ્યાન સુઘડ આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમમાં સવારે ગુરુગીતાનો પાઠ પછી પ્રાણાયામ, ધ્યાન અને યોગ કરાવશે અને બપોરે ૪:૦૦ થી ૫:૩૦ શ્રી શંકરાચાર્યકૃત શ્રી અપરોક્ષ અનુભૂતિના ગ્રંથ ઉપર એક એક શ્લોકને બરાબર સમજી શકીએ. અનુભવી શકીએ તેવું પ્રવચન આપશે અને રાત્રેના ૯:૦૦ થી ૯:૪૫ સુધી પ્રવચનમાં વાર્તાલાપ રાખેલ છે. જે કોઈ ને કોઈ પ્રશ્ન હોય તો તે આધ્યાત્મિક માર્ગ દ્વારા સમજાવવામાં આવશે અને તેનુંજ પ્રવચન થશે તો સર્વેને લાભ લેવા પધારશો.**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ




સુરત શહેરનાં આંગણે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજી મહારાજ - સંવત ૨૦૭૩ અષાઢ સુદ પૂનમ તા. ૯-૭-૧૭ રવિવાર થી ભાદરવા સુદ પૂનમ તા. ૬-૯-૧૭ બુધવાર સુધી ચાતુર્માસ કરશે.

### ચાતુર્માસ દરમ્યાન નિત્ય કાર્યક્રમ :

સવારે : ૬:૦૦ થી ૭:૦૦ કલાકે - શ્રી ગુરૂગીતાનો પાઠ - પ્રવચન
બપોરે : ૩:૩૦ થી ૪:૦૦ કલાકે - ભજન, કીર્તન
સાંજે : ૪:૦૦ થી ૫:૦૦ કલાકે - પ્રવચન વિષય : શ્રીમદ્ ભાગવત મહાપુરાણ
સાંજે : ૫:૦૦ થી ૫:૪૫ કલાકે - આરતી, દંડવત, ધોળ, પ્રાર્થના

આ પવિત્ર ચાતુર્માસમાં પ્રવચન, દર્શનનો લાભ મળવો દુર્લભ છે. તો આ અમૂલ્ય લાભ લેવા સર્વે ભાઈ-બહેનોને પધારવા શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળનું ભાવભર્યું નિમંત્રણ છે.

## પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ



### શીવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ

પોથીયાત્રા : તા. ૭-૮-૧૭, સોમવારે સવારે ૮:૩૦ કલાકે.
કથા પ્રારંભ : તા. ૭-૮-૧૭, સોમવાર શ્રાવણ સુદ પૂનમ.
કથા પૂર્ણાહુતિ : તા. ૧૩-૮-૧૭, રવિવાર શ્રાવણ વદ છઠ.
કથા સમય : રોજ સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ કલાકે.
કથા યજમાન : પટેલ અમૃતભાઈ ઉમેદભાઈ (ચોકસી) પાંચોટવાળા

**કથા સ્થળ : ઉત્તરા ખંડ, હરિદ્વાર, ભુપતવાલા, સપ્તસરોવર માર્ગ, ''વેદનિકેતન ધામ''**



## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

તા. ૯-૭-૧૭, રવિવાર થી તા. ૬-૯-૧૭ બુધવાર સુધી હરિદ્વાર મુકામે ચાતુર્માસ કરશે.

દૈનિક કાર્યક્રમ :- સવારે : ૫-૪૫ થી ગુરૂગીતા પાઠ, ૬-૪૫ થી ઉપનિષદ્ ભાષ્ય પ્રવચન, સાંજે : ૫-૩૦ થી ગીતા ભાષ્ય પ્રવચન, ૬-૩૦ થી આરતી ધોળ પ્રાર્થના તથા શ્રી શિવમહિમ્ન સ્ત્રોત પાઠ, રાત્રે ૯.૩૦ થી ભજન કીર્તન

સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, દક્ષેશ્વર રોડ, જગજીતપુર, કનખલ, હરિદ્વાર-૨૪૯૪૦૮

સંપર્ક : મો. ૦૯૪૧૧૫૦૧૬૮૨, ફો. ૦૧૩૩૪ ૨૪૬૬૭૫ સર્વે સેવકોને લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.



ગુરૂપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પ.પૂ. શ્રી ૧૦૦૮ માધવપિઠાધિશ્વર મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનું તેમજ શ્રી સદ્‌ગુરૂ પાદુકા પુજન તા. ૦૯/૦૭/૧૭ના રોજ ભાઈઓ, બહેનોએ સુરત શહેરમાં શ્રી માધવાનંદ આશ્રમ તાપી કીનારે મોટી સંખ્યામાં અમુલ્ય લાભ લીધો હતો.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2019
POSTRAL REGI. NO. SRT-771/2017-19
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



સુરત શહેરનાં આંગણે તા. ૦૯/૦૭/૧૭ રવિવારના રોજ ગુરૂપૂર્ણિમાં મહોત્સવ પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાંતચાર્યશ્રીની અધ્યક્ષતામાં શ્રી માધવાનંદ આશ્રમ તાપી કીનારે ધામધૂમથી ઉજવાયો હતો અને સેવક સમુદાયને પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતાં.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-